# મોબાઈલ ચોરીના આરોપીઓને પકડી પાડતી લીંબાયત પોલીસ

સુરત શહેરના લીમ્બાયત પો.સ્ટે. વિસ્તારમાં મોબાઇલ/ચેઇન સ્નેચીંગના બનેલ બનાવમાં વણશોધાયેલ ગુના અનુસંધાને લિંબાયત પો.સ્ટે. I ગુ.ર.નં.૪૧૦/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)૩, ૧૧૪ મુજબના ગુનામાં સ્નેચીંગ થયેલ સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન સાથે બીજા કેટલાક ચોરીના મોબાઇલો લઇ પરેશ ઉર્ફે પરીયો તથા તેનો મિત્ર અક્ષય ઉર્ફે કાલુ નામના બે ઇસમો સીલ્વર કલરની સ્પ્લેન્ડર મો.સા. રજી. નં.**GJ-05- ET- 0690** પર ગણેશ લોનારી પાસે મોબાઇલ વેચવા સારૂ રૂપસાગર સોસાયટીના નાકા પાસે આવનાર છે. તે આધારે લિંબાયત પોલીસ સ્ટેશનના પોલીસ માણસો પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એ.એસ.આઇ. રાજેશભાઇ સુખદેવભાઇ, અ.પો.કો. જયદેવ ગોકુળભાઇ તથા અ.પો.કો. હિતેન્દ્રસિંહ ગાંડાજીનાઓને તેઓને બાતમી હકીકત મળેલ કે, સદર જગ્યાએ જઇ ઉપરોકત ગુનામાં સંડોવાયેલ આરોપી (૧) પરેશ ઉર્ફે પરીયા જીણાભાઇ નકુમ ઉ.વ.૧૯, ધંધો-નોકરી, રહે.પ્લોટ નં-૧૪, જાનકીપાર્ક સોસાયટી, ગોડાદરા, લીંબાયત, સુરત. મુળ વતન-ગામ.ડુંગર, તા.રાજુલા, જી.અમરેલી (૨) અક્ષયગીરી ઉર્ફે લાલુ ધનરાજગીરી ગોસ્વામી ઉ.વ. ૧૯, ધંધો-નોકરી, રહે-પ્લોટ નં-૨૮૮, ધૃવપાર્ક સોસાયટી, ગોડાદરા, લીંબાયત, સુરત. મુળ વતન-ગામ-વીંછીયા રોડ, જસદણ, જી.રાજકોટ (૩) ગણેશ રાજેન્દ્ર લોનારે ઉ.વ.૨૮, ધંધો-મજુરી, રહે. ઘર નં-ડી-૭૩, રૂષીનગર, ગોડાદરા, લીંબાયત., સુરત. મુળવતન-ગામ-ડોંડાઇચા, તા.સીંદખેડા, જી.ધુલીયા (મહારાષ્ટ્ર) નાઓને પકડી પાડી તેમની પાસેથી અલગ અલગ કંપનીના દશ મોબાઇલ કિ.રૂ. ૭૨૬૦૦/- ની મત્તાનો તેમજ ગુનામાં વપરાયેલ સીલ્વર કલરની સ્પ્લેન્ડર મો.સા. રજી. **GJ-05- ET- 0690** ની કિં.રૂ.૪૨,૦૦૦/- ની મળી કુલ્લે કિંમત રૂ. ૧,૧૪,૬૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબજે કરેલ ત્યારબાદ મજકુર આરોપીઓના રીમાન્ડ દરમ્યાન આરોપી નં-3 નાઓના ઘરેથી એક સેમસંગ કંપનીનો S-10 E મોડલનો મોબાઇલ ફોન મળી આવેલ જેની કિં.રૂ. ૩૮,૦૦૦/- ની મત્તાનો ગણી તપાસ અર્થે કબજે કરી ઉપરોકત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.